# ૧૧ જૂન –૨૦૧૬ (શનિવાર)

## (૧) મલબાર વૃદ્ધ અભ્યાસ :

– ભારત જાપાન અને અમેરિકાએ દક્ષિણ ચીન સમુહમાં સંયુક્ત અભ્યાસ શરૂ કર્યો.

– આ કવાયતને ‘મલબાર યુદ્ધ અભ્યાસ નામ અપાયું છે.

– ભારત અને અમેરિકા ૧૯૯૨ થી નિયમિત રીતે નેવીની સંયુક્ત કવાયત કરતા આવ્યા છે.

– ભારતીય નેવીએ તેના યુદ્ધ જહાજ સતપુડા સહ્યાદ્રી, શક્તિ અને કિર્ચને આ નેવલ યુદ્ધ અભ્યાસની ૨૦ મી આવૃતિમાં ઉતાર્યા છે.

## (૨) અભિનવજ બિન્દ્રા – શૂટર

– ભારતીય શૂટર અભિનવ બિન્દ્રા રિયો ઓલિમ્પિકના ઉદ્‌ઘાટન સમારોહમાં ભારતીય દળના ધ્વાજવાહક હશે.

– આ અંગે ઇન્ડિયન ઓલિમ્પિક એસોસિએશને સત્તાવાર જાહેરાત કરી હતી.

– બેઇઝિંગ ઓલિમ્પિકમાં ગોલ્ડમેડર જીતનાર અભિનવ બિન્દ્રા આ વખતે પોતાના પાંચમા ઓલિમ્પિકમાં ભાગ લેશે.

– બિન્દ્રા ભારતના ઓલિમ્પિક ઇતિહાસમાં વ્યક્તિગત ગોલ્ડ મેળવનાર એકમાત્ર ખેલાડી છે.

– અભિનવ બિન્દ્રા આ ઉપરાંત રિયો ઓલિમ્પિકમાં ભારતીય દળના ગુડવીલ એમ્બેસેડર પણ છે.

– બિન્દ્રાએર રિયો ઓલિમ્પિક બાદ નિવૃતી લેવાની પણ જાહેરાત કરી હતી.

## (૩) જીત રાવલ : ક્રિકેટર

– અમદાવાદના જીત રાવલનો ન્યૂઝિલેન્ડના ટેસ્ટ ક્રિકેટ ટીમમાં સમાવેશ થયો.

– તેણે ન્યૂઝિલેન્ડના ઘરઆંગણાના ક્રિકેટમાં ૨૦૧૫–૧૬ની સિઝનમાં ૫૫.૭૧ રનની સરેરાશથી ૭૮૭ રન ફટકાર્યા હતા.

– ઉપનામ : ઓકલેન્ડના રાહુલ દ્રવિડ

## (૪) શીયાળબેટનું વિજળીકરણ :

– અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના દરિયાકાંઠેથી ૬ કિ.મી.ના અંતરે શિયાળબેટ નામક ટાપુ આવેલ છે.

– આઝાદીના વર્ષો બાદ પણ અહીંયા દરિયાઇ વિસ્તાર હોવાને કારણે વિજળીકરણ શક્ય બનતું ન હતું.

– હવે મરીન કેબલની નવીનત ટેકનોલોજી દ્વારા આ ટાપુનું વિજળીકરણ સફળતા પૂર્વક થઇ શક્યું.

– હવેથી આ ટાપુના પ્રજાજનોને ૨૪૮૭ વિજળીની અમૂલ્ય ભેટ પ્રાપ્ત થશે.

– મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે ૧૧ જુનના રોજ ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો.

પ્રશ્નો :–

(૧) હાલમાં હાલમાં દક્ષિણ ચીન સમુદ્રમાં ભારત સહીત ક્યાં ત્રણ દેશ વચ્ચે અભ્યાસ ચાલી રહ્યો છે ?

– ભારત, જાપાન, અમેરિકા

(૨) ભારત, જાપાન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલ યુધ્ધાભ્યાસનું નામ જણાવો.

– મલબાર યુદ્ધ અભ્યાસ

(૩) રિયો ઓલિમ્પિક માટે ભારતના ધ્વજવાહક કોણ હશે ?

– અભિનવ બિન્દ્રા

(૪) અભિનવ બિન્દ્રાએ કયાં ઓલિમ્પિકમાં ગોલ્ડમેડલ મેળવ્યો હતો ?

– બેઇઝીંગ ઓલિમ્પિક

(૫) ભારતના ઇતિહાસમાં વ્યક્તિગત ગોલ્ડ મેળવનાર એકમાત્ર ખેલાડી ?

– અભિનવ બિન્દ્રા

(૬) તાજેતરમાં અમદાવાદના કયા ક્રિકેટરને ન્યૂઝિલેન્ડની ટેસ્ટ ટીમમાં સ્થાન મળ્યું ?

– જીત રાવલ

(૭) તાજેતરમાં રાજયસરકાર દ્વારા કયા ટાપુનું વિજળીકરણ કરાયું ?

– શિયાળબેટ

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧